# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૭ તા.૬-૭-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

**વિષય :-સ્વાતંત્ર્ય દિન ઉજવણી પ્રસંગે 'પ્રતિભા ખોજ (Talent serch )સાંસ્કૃતિક કાર્યક્રમ-૨૦૧૫'ના આયોજન બાબત.**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુણવત્તાલક્ષી શિક્ષણ સાથે સાથે તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે માટે દરેક મ્યુનિ. શાળાઓમાં જુદા જુદા પ્રકારની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ માટે મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં આવા બાળકલાકારોએ એક અલગ સ્ટેજ મળે, પ્રોત્સાહન મળે તે માટે ૧૫ મી ઓગષ્ટ પહેલા જુદા જુદા પ્રકારની નીચે મુજબની વિશિષ્ટ કલા-કૌશલ્ય ધરવતા વિદ્યાર્થીઓને શોધી તેમનો એક વિશિષ્ટ કાર્યક્રમ યોજવાનું નકકી કરેલ છે.

નીચે મુજબની ચાર પ્રકારની વિશિષ્ટ કલા ધરાવતા વિદ્યાર્થીઓની સ્પર્ધા કરવાની નથી, પરંતુ આવા પ્રકાર વિદ્યાર્થીઓને શાળામાંથી શોધવાના છે. શક્ય છે કે એક શાળામાં આવા પ્રકારની વિશિષ્ટ કલા કરાવતા બાળકો એક થી વધુ પણ મળી આવે તો બાળકોની યાદી મોડામાં મોડી તા.૧૦-૭-૧૫ સુધીમાં તમારા બીટ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવાની રહેશે. આવા વિદ્યાર્થીઓ (Talent serch )ની પ્રતિભાને શોધવાનું કાર્ય અને વિશિષ્ટ પ્રકારના તજજ્ઞો દ્વારા તા.૧૩ જુલાઈ થી ૧૬ જુલાઈ સુધી સ્કાઉટભવન, પાલડી ખાતે તૈયાર કરવામાં આવનાર છે. આવા બાળકલાકારની મદદથી આગામી ૧૫મી ઓગષ્ટ પહેલાં સાબરમતી રીવરફ્રંટ પર મોટો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. નીચેના ચાર પ્રકારના કૌશલ્ય ધરાવતા વિદ્યાર્થીઓની યાદી નીચે મુજબના ફોર્મેટમાં તૈયાર કરી સુપરવાઈઝરશ્રીને મોકલી આપવાની રહેશે.

૧. સંગીત(ગીત) :- (૧) દેશભક્તિ (વ્યક્તિગત/સામૂહિક) (૨)લોકગીત (વ્યક્તિગત/સામૂહિક)

- કોઈપણ પ્રકારના ગીત ગાવાની કુશળતા દર્શાવતા વિદ્યાર્થી અથવા ગ્રુપની પસંદગી કરવી.
- ઓછામાં ઓછી ૫ થી ૭ મિનિટ ગાવાની રહેશે.

૨. વાદ્ય :-

- થાપ મારીને વગાડવાના વાદ્ય જેવા કે ઢોલ,નગારું, તબલા, માણ (માટીની અથવા પિત્તળની ગોળી) જલતરંગ(સાત વાડકીમાં પાણી ભરી વગાડવું), બોંગો, વગેરે
- ફૂંકીને વગાડવાના વાદ્ય જેવા કે વાંસળી, બ્યુગલ, શરણાઈ, બીન વગેરે વધુમાં પીપુડી કે તેના જેવી વનસ્પતિઓના પાનની મદદથી સામુહિક વાદન પણ વિચારી શકાય.
- તંતુ વાદ્ય જેવા કે એકતારી, રાવણહથ્થો, સિતાર, વાયોલીન, વીણા, સંતુર વગેરે
- અન્ય વાદ્ય જેવા કે હાર્મોનિયમ, પીયાનો, ઠીકરા અથડાવીને વગાડાતું વાદ્ય

ઉપરોકત વાદ્યો વ્યક્તિગત કે સામૂહિક રીતે ત્રણ-ચારના ગૃપમાં પણ વગાડી શકાય

૩. નૃત્ય :- (વ્યક્તિગત/સામૂહિક)

- ભરત નાટ્યમ, કુચીપુડી, મણીપુરી, જેવા કલાસિકલ નૃત્ય વ્યક્તિગત રૂપે

- દાંડીયા રાસ, ભાંગડા, ડાંગી, ગરબા, રાજસ્થાની, કોંકણી ગણેશ વંદના, દેશભક્તિ નૃત્ય નાટિકા વગેરે સમુહમાં કરી શકાય.

૪. અભિનય :-

- એકપાત્રીય અભિનય :- મહાપુરૂષોના જીવન પર, વ્યક્તિ વિશેષ(જાદુગર, ચાર્લિ ચેપ્લિન, મદારી, ભિખારી)વગેરે(ઓછામાં ઓછી એક મિનીટ) નોંધ : વેશભૂષા નહીં
- રાષ્ટ્રીય ઘટના, બેટી બચાવો, પર્યાવરણ બચાવો, કુદરતી આપત્તિ સામે વ્યવસ્થાપન,કૂપોષણ જેવા વિષયો પર વધમાં વધુ ૧૦ થી ૧૨ મિનિટનું નાટક)

❖ શહેર કક્ષાએ પસંદગી પામનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

❖ જે-તે વિષયના નિષ્ણાત વ્યક્તિ અથવા કોરીયોગ્રાફર દ્વારા જ તેઓને તાલીમ આપવામાં આવશે.

❖ વિશેષ માહિતી માટે ઝોન આસિ.એ.ઓ./ સુપરવાઈઝરશ્રીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવું.

માહિતી મોકલવાનું ફોર્મેટ

| **ક્રમ** | **વિદ્યાર્થી / ગૃપનું નામ** | **કલા (સંગીત,વાદ્ય,નૃત્ય,અભિનય)** | **કૌશલ્યનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | | વાદ્ય | હારમોનિયમ |
| ૨ | | | |

તા.૬-૭-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી